ડીંડોલી પો.સ્ટે.વિસ્તારમાંથી દેશી હાથ બનાવટના તમંચા સાથે બે ઈસમોને ઝડપી પાડતી,સુરત શહેર એસ.ઓ.જી.ટીમ

સુરત શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન HC હિતેષસિંહ દિલીપસિંહ નાઓને અંગત બાતમીદાર મારફતે બાતમી હકીકત મળેલ કે,"આજથી બે મહીના પહેલા સુરત જીલ્લાના બગુમરા ગામની પાસે આવેલ સર્વોત્તમ હોટલના કમ્પાઉન્ડમાં દિવ્યેશ અગ્રવાલ નામના ઇસમ ઉપર બે ઇસમોએ ફાયરીંગ કરેલ અને તે ગુન્હામાં સંડોવાયેલ બન્ને ઇસમો (૧)રાહુલ સોમન મંડલ ઉ.વ.૨૦ રહે.૯૭,૯૮, સંતોષનગર પરવટગામ લીમ્બાયત, સુરત મુળગામ સોનસા ગામ થાના અંગારગાટ જીલ્લો સમસ્તીપુર (બિહાર) (૨) શીવાકાંત ઉર્ફે શીવા S/O લલન યાદવ ઉ.વ.૨૫ રહે.૭૩, ડી.કે. નગર, હનુમાન મંદિરની સામે ગોડાદરા, લીમ્બાયત, સુરત. મુળ રહે. ગણેશપુરગામ થાના લાલગંજ તાલુકો લાલગંજ જીલ્લા પ્રતાપગઢ (ઉત્તરપ્રદેશ) નાઓ પોતાની પાસે હથિયાર રાખી હાલ. ડીંડોલી મધુરમ સર્કલ માનસી નામના પાનના ગલ્લાની બાજુમાં રોડ ઉપર ઉભા છે." તે બાતમી આધારે બન્ને ઈસમોને ઝડપી પાડી, તેમની પાસેથી લાયસન્સ વગરનો દેશી હાથ બનાવટનો તમંચો નંગ-૦૧ કીં.રૂ. ૫,000/- ની મત્તાનો મુદામાલ કબ્જે કરી તમંચો આપનાર પ્રતિક ઉર્ફે કાલુ ગોસ્વામી રહે.ખોડીયાર નગર ગોડાદરા લીમ્બાયત, સુરત નાને વોન્ટેડ જાહેર કરી તેઓના વિરૂધ્ધમાં આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(૧-એ), ૨૯ તથા જી.પી.એક્ટ. કલમ-૧૩૫(૧) મુજબ ડીંડોલી પો.સ્ટે.માં ગુનો રજીસ્ટર કરેલ તેમજ પલસાણા પો.સ્ટે. । ગુ.ર.નં.૭૨/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા આર્મ્સ એકટ કલમ ૨૫(૧)(બી)(એ), ૨૭(૨), મુજબના ગુનાના કામે નાસતા ફરતા હોય જેને પકડી પાડી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.